મુંબઈ, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભુજ અને નોર્થ અમેરિકાથી પ્રકાશિત

# દિવ્ય ભાસ્કર

મહાનગર વર્ષ ૫ અંક ૩૫૬ મુંબઈ શનિવાર, ૧ ઓગસ્ટ ૨૦૦૯ www.divyabhaskar.co.in શ્રાવણ સુદ ૧૧ વિક્રમ સંવત ૨૦૬૫ કિંમત ૩.૦૦ રૂપિયા પાના ૧૪

# ખોળાનો ખૂંદનાર ઝંખતાં દંપતીઓ માટે આશાનો સૂર્યોદય

ફેમિલી રૂમ
નિરાલી શાહ

વિજ્ઞાનની હરણફાળને પરિણામે ગઈકાલ સુધી અસંભવિત અને સ્વપ્નવત લાગતી બાબતો પણ વર્તમાન તબક્કામાં શક્ય બની છે. તેમાં પણ તબીબી ક્ષેત્રે ખૂબ જ મોટું પરિવર્તન સર્જાયું છે. એક છેડે કેન્સર જેવા રાજરોગને નાથવામાં સફળતા પ્રાપ્ત થઈ છે તો બીજે છેડે અનેક નિઃસંતાન દંપતીઓનાં આંગણાં બાળકની કિકિયારીથી ગુંજી ઊઠ્યાં છે. ઈન-વિટ્રો ફર્ટિલાઈઝેશન આઈવીએફ તથા 'ઈક્સી' નામે ઓળખાતી ટેસ્ટટ્યૂબ બેબીના નામે પ્રચલિત ટેકનિકને પરિણામે લાખો



*એમ્બ્રિયોલોજિસ્ટ આકાંક્ષા મિશ્રા બાંદરા સ્થિત લીલાવતી હોસ્પિટલ ખાતે.*
**નિઃસંતાન દંપતી સમસ્યા અંગે નિઃશુલ્ક માર્ગદર્શન મેળવવા સંપર્ક સાધોઃ**
**નિઃશુલ્ક હેલ્પલાઈન : ૦૯૮૨૦૨૨૪૦૦૦, ૦૯૮૯૨૨૧૧૧૧૨,**
**લીલાવતી હોસ્પિટલ : ૦૨૨-૨૬૪૩૮૨૮૦, ૦૨૨-૨૬૪૨૧૧૧૧, ઉદ્ય. ૨૨૪૫.**
**ડી. વાય. પાટીલ હોસ્પિટલ : ૦૨૨-૩૨૯૧૯૮૯૪,**
**ઈ-મેઈલ:** bloomiv@gmail.com

દંપતી ખોળાનો ખૂંદનાર મેળવી શક્યાં છે. આ સંદર્ભમાં છેલ્લા દોઢ-બે દાયકાથી બાંદરા સ્થિત લીલાવતી હોસ્પિટલમાં ઈન્ફર્ટિલિટી નિષ્ણાતની ફરજ બજાવનાર ડો. હૃષીકેશ પૈ જણાવે છે કે તાજેતરમાં લીલાવતી હોસ્પિટલના આઈવીએફ વિભાગમાં 'ઈક્સી' નામે નવીન પ્રક્રિયાયુક્ત મશીન બેસાડવામાં આવ્યું છે. માઈક્રોસ્કોપ મશીનને પરિણામે ઈમ્સી નામે ટેસ્ટટ્યૂબ બેબીની પ્રક્રિયા કરતી વખતે ઉચ્ચ અને ગુણવત્તાયુક્ત વીર્યની પસંદગી કરવામાં સરળતા અને સુગમતા રહે છે. રાજીવ ગાંધી રાષ્ટ્રીય એકતા એવોર્ડથી સન્માનિત થયેલા ડો. હૃષીકેશ પૈ વિસ્તૃતમાં માહિતી આપતાં જણાવે છે કે 'ઈમ્સી' તરીકે ઓળખાતી ઈન્ટ્રા- સાયટોપ્લાસ્મિક મોર્ફોલોજિકલી સિલેક્ટેડ સ્પર્મ ઈન્જેક્શન નામે મશીનને પરિણામે શુક્રાણુની પ્રતિકૃતિ ૭૨૦૦ ગણી વધારે સારી રીતે દ્દષ્ટિભૂત થાય છે, જેને પરિણામે સહેલાઈથી ઉત્કૃષ્ટ, ગુણવત્તાયુક્ત શુક્રાણુની પસંદગી કરી શકાય છે. હકીકતમાં 'ઈમ્સી' (ઈન્ટ્રા-સાયટોપ્લાસ્ટિક સ્પર્મ ઈન્જેકશન) નામે પ્રક્રિયાની આધુનિક દેણગી છે. 'ઈક્સી'ની સરખામણીમાં શુક્રાણુને ૧૯ ગણી વધારે વિશાળ રીતે દ્દષ્ટિભુત કરવાની ક્ષમતા છે.

ઈન્ડિયન એસોસિયેશન ઓફ ગાયનેકોલોજિકલ એન્ડોસ્કોપિસ્ટના સૌથી યુવાન વયના પ્રેસિડેન્ટ તરીકે વરણી પામેલા ડો. હૃષીકેશ પૈના જણાવ્યા મુજબ 'ઈમ્સી' નામે પ્રક્રિયામાં સ્ત્રીના અંડબીજને સાથે માઈક્રોમેનિપ્યુલેટર મશીનની મદદથી પતિના શુક્રાણુનું સંયોજન કરવામાં આવે છે. જો પતિના વીર્યમાં શુક્રાણુ ન હોય તો ટેસ્ટિક્યુલર બાયોપ્સી દ્વારા શુક્રાણુ પ્રાપ્ત કરવામાં આવે છે. સમગ્ર પ્રક્રિયા સ્ત્રીના ગર્ભાશયમાં નહીં, પરંતુ બહાર કરવામાં આવે છે. આ અંતર્ગત ભ્રૂણને બહાર તૈયાર કરીને ત્યાર બાદ મહિલાના ગર્ભાશયમાં તેનું આરોપણ કરવામાં આવે છે.

'ઈમ્સી'નો સૌપ્રથમ આવિષ્કાર ઈઝરાયલ સ્થિત બોરીલાના યુનિવર્સિટીના વૈજ્ઞાનિક બેન્જામિન બાર્ટોવના નેતૃત્વ હેઠળની ટીમ દ્વારા કરવામાં આવ્યો હતો. તેમણે 'ઈમ્સી'નો ઉપયોગ કરીને કદ તથા આકારમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત શુક્રાણુનો ઉપયોગ કર્યો હતો, જેને પરિણામે ગર્ભાધારણની સફળતાનો આંક સીધો બમણો થઈ ગયો છે. અર્થાત ૬૦ ટકાથી વધીને ૬૬ ટકા જેટલો થઈ ગયો છે. ગંભીર ક્ષતિયુક્ત પતિ માટે 'ઈમ્સી' આશીર્વાદરૂપ પ્રક્રિયા હોવા ઉપરાંત ઈક્સી કે આઈવીએફ પ્રક્રિયામાં અગાઉ એકાદ-બે વાર નિષ્ફળતા પ્રાપ્ત થઈ હોય તો તેમના માટે પણ 'ઈમ્સી' લાભદાયક પુરવાર થાય છે. અજ્ઞાત કારણોસર નિઃસંતાન રહેલા દંપતી માટે પણ 'ઈમ્સી' સહાયરૂપ થાય છે. 'ઈમ્સી'ને પરિણામે ઉત્કૃષ્ટ અંડબીજ ફળદ્રુપ કરવાની સફળતાના આંકમાં વધારો થવા ઉપરાંત, ગુણવત્તાયુક્ત ભ્રૂણ તૈયાર કરવામાં લાભ થાય છે. બ્લાસ્ટોસિસ્ટની રચનાની સફળતાના આંકમાં વધારો થાય છે અને જેના સર્વાંગી પરિણામરૂપે ગર્ભાધારણની સફળતાના આંકમાં પણ વધારો થાય છે. ડો. પૈના જણાવ્યા મુજબ 'ઈમ્સી' મશીનના ઉપયોગ પછી લીલાવતી હોસ્પિટલમાં પ્રેગનન્સીના આંકમાં વધારો નોંધાયો છે. તાજેતરમાં પતિના ખૂબ જ ક્ષતિયુક્ત વીર્યને પરિણામે પત્નીના અંડબીજનું સંવનન થતું નહોતું અને અગાઉ બે વાર ઈક્સીની પ્રક્રિયામાં નિષ્ફળતા પ્રાપ્ત થઈ હતી. તેમને 'ઈમ્સી'ને પરિણામે ફર્ટિલાઈઝેશન કરવામાં સફળતા પ્રાપ્ત થવા ઉપરાંત મહિલા ગર્ભવતી પણ બની શકી હતી. તમામ સંતાન ઈચ્છુક દંપતીના ઘરનું આંગણ બાળકના કલરવથી ગૂંજતું રહે એવી નેમ ધરાવનાર ડો. હૃષીકેશ પૈ દ્વારા નિઃશુલ્ક હેલ્પલાઈનની સેવા પણ શરૂ કરવામાં આવી છે, જેના દ્વારા નિસંતાન દંપતી નિઃસંકોચપણે સંબંધિત બાબતોનું માર્ગદર્શન મેળવી શકે છે.